સાવલી પોક્સો કોર્ટ દ્વારા સન ૨૦૨૨ ની સાલમાં ડેસર પોલીસ મથકે સગીરા સાથે દુષ્કર્મની ફરિયાદમાં આરોપીને આજીવન કારાવાસની સજા

● સાવલી

સાવલી પોક્સો કોર્ટ દ્વારા સન ૨૦૨૨ ની સાલમાં ડેસર પોલીસ મથકે સગીરા સાથે દુષ્કર્મની ફરિયાદમાં આરોપીને આજીવન કારાવાસની સજા અને એક લાખનો દંડની સજા કરતા કોર્ટ પરિસરમાં સન્નાટો મચી જવા પામ્યો છે કોર્ટ સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે ડેસર પોલીસ મથકમાં ૨૦૨૨ ની સાલમાં ૧૪ વર્ષ કરતાં નાની સગીરા ને પ્રેમ જાળમાં ફસાવીને ધમકીપૂર્વક અને બળજબરી પૂર્વક દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ હતી ડેસર પોલીસે આરોપી વનરાજસિંહ અમરસિંહ રહે ગુતરડી તા ડેસર વિરુદ્ધ પોસ્કો સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી અને આરોપીને ઝડપીને જેલ ભેગો કર્યો હતો જેનો કેસ સાવલી પોકસો કોર્ટના જજ જે એ ઠક્કર ની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ સી જી પટેલની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપી આજીવન કેડ ની સજા ફટકારી હતી અને કોર્ટે અવલોકન કર્યું હતું કે આરોપી બે બાળકોનો પિતા હોવા છતાંય હવસખોરી નું કૃત્ય કરેલ છે જે ભારે નિંદનીય છે જેથી આરોપીને પોકસો એક્ટની કલમ તેમજ બળાત્કાર ની કલમ અને એટ્રોસિટી એક્ટની કલમો હેઠળ દોષિત ઠેરવીને આજીવન કેદની સજા નો હુકમ ફટકાર્યો છે સાથે એક લાખ રૂપિયા નો દંડ પણ કરવામાં આવ્યો છે અને જો દંડ ન ભરે તો એક વર્ષની વધુ સજા ભોગવવાનો હુકમ કર્યો છે સાથે સાથે ભોગ બનનાર દીકરીને કોમ્પનશેસન એક્ટની જોગવાઈ મુજબ ચાર લાખની સહાય ચૂકવવા ડિસ્ટ્રિક્ટ લીગલ ઓથોરિટી ને ભલામણ કરવામાં આવી છે જ્યારે આરોપીની સજાની જાહેરાત થતા કોર્ટ પરિસરમાં સન્નાટો મચી જવા પામ્યો હતો અને આરોપીના પરિવારો ચોધાર આંસુ એ રડતા જોવા મળી રહ્યા હતા

ગોતાની વસંતનગર ટાઉનશીપના ૧૬૦૦ ઘર બન્યા પાણીવિહોણાં, વીજ કનેક્શન કટ

● અમદાવાદ, તા.૬

અમદાવાદનાં ગોતા ઓગણજ રોડ પર આવેલ ગુજરાત હાઉસિંગ બોર્ડની વસંતનગર ટાઉનશીપમાં વીર સાવરકર ૧ નાં બ્લોકના ૧૬૦૦ ઉપર મકાનનાં રહીશોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. જેમાં બ્લોકમાં આવેલ વોટર પમ્પનું કનેક્શન બિલ ન ભરતા જીઈબી દ્વારા વીજ કનેક્શન કાપી નાંખતા સમસ્યા સર્જાવા પામી હતી. પમ્પનું વીજ કનેક્શન કાપી નાંખતા બે દિવસથી રહીશો ૧૩ માળ નીચે ઉતરી પામી ભરવા મજબૂર બન્યા હતા.

આ સમગ્ર બાબતે ચેરમેને નિવેદન આપ્યું હતું કે મેઈન્ટેન્સનાં અભાવે અને સોસાયટી પાસે નાણાંનાં અભાવે બિલ ન ભરી શકતા કનેક્શન કપાયાનું ચેરમેન દ્વારા નિવેદન આપ્યું હતું. ૭૫ લાખ ઉપરનું વીજ બિલ ન ભરતા કનેક્શન કાપી નાંખવામાં આવ્યું હતું. તેમજ ૨૦૨૩ થી બાકી વીજ બિલમાં અગાઉનાં ચેરમેન નાણાં ચાઉ કરી ગયાનાં આક્ષેપ પણ લગાવ્યા હતા.

તો પ્રજાએ બીજાનાં વાંકે અને એડવાન્સ મેઈન્ટેન્સ ભર્યા છતાં કેમ હેરાન થવું પડી રહ્યું છે. તેવા સવાલ ઉઠ્યા છે. લાઈટ બિલ ન ભરતા વીજ કનેક્શન કપાતા પાણી માટે નોકરિયાત વર્ગ, મહિલા, સિનિયર સીટીઝન, બાળકો તમામ લોકોએ સવારથી પાણી ભરવા લાઈનમાં ઉભા રહેવું પડે છે. પાણી બંધ થતા પીવા અને વાપરવાનાં પાણી માટે સમસ્યા સર્જાઈ છે. કેટલીક મહિલા ઘરનાં કપડા ધોવા નીચે કંપાઉન્ડમાં પંપ પાસે કામે લાગી હતી. ત્યારે સ્થાનિકોએ સમસ્યાનો હલ લાવવા માંગ કરી હતી.

ઓડિશાથી અમદાવાદમાં ગાંજાની ડિલીવરી કરવા આવેલા ૩ શખ્સો ઝડપાયા

● અમદાવાદ, તા.૬

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ૨૦૦ કિલોથી વધુ ગાંજો અને એમડી ડ્રગ્સનો જથ્થો કબજે કર્યો છે. ઓડિશાથી ટ્રકમાં ભરીનેલાવવામાં આવેલા ગાંજા અને ડ્રગ્સ સાથે ૩ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓ ડિલિવરી આપવા માટે આવી રહ્યા હતા. વટવા જીઆઈડીસીમા ડિલિવરી કરે તે અગાઉ જ ક્રાઈમ બ્રાન્ચે ત્રણેય આરોપીઓને ઝડપી મોટી માત્રામાં ગાંજો અને ડ્રગ્સ કબ્જે કર્યું છે. આ જથ્થો કોને કોને આપવાનો હતો તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે ટ્રક ઝડપી હતી. જેમાં તપાસ કરતા ટ્રકમાંથી સૂકવેલો ગાંજાનો પાવડર અને એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું.

અંદાજિત ૨૦૦ કિલોથી વધુ ગાંજો અને ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થા સાથે ઓડિશાના ત્રણ શખસની પણ ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ ઓડિશાથી ટ્રકમાં આ જથ્થો લઈને આવ્યા હતા. અમદાવાદની વટવા જીઆઈડીસીમા ડિલિવરી કરવાના હતા. પરંતુ તે અગાઉ જ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓ ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં ડિલિવરી કરીને આવ્યા હોવાની પણ શંકા છે. જેથી તે મામલે તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત વટવા જીઆઈડીસીમાં જે વ્યક્તિને ડિલિવરી આપવાના હતા તેની પણ તપાસ કરવામાં આવશે. અમદાવાદમાં અન્ય કોઈ જગ્યાએ ડિલિવરી આપવામાં હતા કે કેમ અને અગાઉ પણ આ રીતે ગાંજા અને ડ્રગ્સની ડિલિવરી કરવામાં આવી છે કે કેમ તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે.

અગાઉ એરપોર્ટ પરથી નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ એક ફિલીપાઈન્સ મહિલાની ૨.૧૨૧ કિલો હેરોઈન સાથે ધરપકડ કરી હતી. ફિલીપાઈન્સથી જીનાલીન પડિવાન લિમોન(ઉવ. ૪૧ રહે. ફિલિપાઈન્સ)નામની મહિલા સ્કૂલ બેગમાં ૨.૧૨૧ કિલો ડ્રગ્સ લઈને એરપોર્ટ પરથી સલામત રીતે બહાર નીકળવામાં સફળ રહી હતી. જો કે,એનસીબીની ટીમને પાક્કી બાતમી હતી કે, જીનાલીન હેરોઈન સાથે આવી રહી છે એટલે એરપોર્ટથી બહાર નીકળતા જ તેની ધરપકડ કરી લીધી હતી.

વરસાદ બાદ રોગચાળાએ કચ્છને ભરડામાં લીધું, એક જ ગામમાં એક જ પરિવારના ૪ લોકોના મોત

● ભુજ, તા.૬

તાજતેરમાં કચ્છમાં પડેલ વરસાદે ભારે તારાજી સર્જી છે. ત્યારે વરસાદ બાદ રોગચાળાએ કચ્છને બાનમાં લીધું છે. લખપત તાલુકાનાં બેખડા ગામે એક જ પરિવારનાં ચાર લોકોનાં મોત થવા પામ્યા હતા. વરસાદમાં ભીંજાયા બાદ ત્રણેય યુવાનોને ન્યૂમોનિયા થયો હતો. જે બાદ ત્રણેય યુવકોને સારવાર અર્થે ભુજ અને અમદાવાદ ખસેડાયા હતા. તેમ છતાં પણ ત્રણેય યુવાનોને બચાવી શકાયા ન હતા. ત્રણેય યુવાનોનાં મોતનાં સમાચાર સાંભળતા જ તેઓનાં મામાનું પણ હાર્ટ એટેકથી મોત નિપજ્યુ હતું. માત્ર ૮૦૦ ની વસ્તી ધરાવતા ગામમાં ૪ જનાઝા ઉઠતા સમગ્ર વિસ્તાર શોકમગ્ન બન્યો હતો.આ સમગ્ર બાબતે બેખડા ગામનાં આગેવાન આરબ જાતે જણાવ્યું હતું કે ગામનાં શકુર મામદ જત, તેમનાં કાકા મુસ્તાક લુકમાન જત અને ૧૮ વર્ષીય જુણસ મામદ જત થોડા દિવસ પહેલા પડેલ વરસાદ દરમ્યાન પશુઓ સાથે ગામનાં સીમાડે ગયા હતા. વરસાદમાં તેઓ પલળ્યા હતા. જે બાદ તેઓને તાવ આવ્યો હતો. જે બાદ તેઓએ પ્રથમ ગામમાં જ પ્રાથમિક સારવાર લીધી હતી. પરંતુ તેઓની હાલત વધુ ગંભીર બનતા તેઓને વધુ સારવાર અર્થે ભૂજ તેમજ અમદાવાદ ખસેડાયા હતા. જ્યાં રિપોર્ટ કઢાવતા તેઓને ન્યૂમોનિયા હોવાનું સામે આવ્યું હતું. તેમજ તેઓનાં ફેફસામાં પણ ઈન્ફેક્શન ફેલાઈ જવા પામ્યું હતું. જેથી બે યુવાનોનાં મોત નિપજ્યા હતા. તેમજ ત્રીજો યુવક જુણસને સારવાર અર્થે અમદાવાદ ખસેડાયો હતો. જ્યાં ગુરૂવારે સવારે તેનું પણ મોત નિપજતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું.

ગામમાં એક જ પરિવારનાં ત્રણ યુવાનોનાં આકસ્મિક મોત નિપજ્યાનાં સમાચાર સમગ્ર ગામમાં વાયુ વેગે પ્રસરી જતા સમગ્ર ગામમાં શોકનો માહોલ છવાયો હતો. ત્યારે આ સમાચાર યુવકનાં મામા જત સલેમાન લાણાને મળતા તેઓ આઘાતમાં સરી પડ્યા હતા.

અમરેલીમા રેલ્વે વિભાગે સિંહોના મોત અટકાવવા ૪૫ રેલ્વે સેવકોને ખડે પગે તૈનાત કર્યા

● અમરેલી, તા.૬

અમરેલીમાં વનવિભાગ અને રેલ્વે વિભાગે આડે દિન સિંહોના થતા અકસ્માત અને મોતને અટકાવવા ટેક્નોલોજી બાદ ૪૫ જેટલા રેલ્વે સેવક અને ટ્રેકર્સને ૨૪ કલાક માટે તૈનાત કરવામાં આવ્યા છે. આ રેલ્વે સેવકો ટ્રેન આવવાના ૧૫ મિનિટ પહેલા જ એલર્ટ થઈ જાય છે અને ટ્રેક પર ચેકિંગ કરી વન્યપ્રાણીઓને ટ્રેકથી દૂર કરી દે છે.સૌરાષ્ટ્ર, જૂનાગઢ, ભાવનગર, અમરેલીમાં સિંહોની સંખ્યા સતત વધતી જઈ રહી છે. રાજુલા-પીપાવાવની આસપાસ પણ મોટી સંખ્યામાં સિંહો વસવાટ કરી રહ્યાં છે. દરિયાઈ કિનારે પણ સિંહોએ પોતાના રહેઠાણ વસાવ્યા છે. પરિણામે તેમના મોત થતા હોય છે. જેથી હાઈકોર્ટે સરકારને ખખડાવતા તંત્ર હાલ સફાળું જાગ્યું છે.તંત્રએ રાજુલા, પીપાવાવ પોર્ટ, સાવરકુંડલા સહિતના વિસ્તારમાં અત્યાર સુધીમાં ટ્રેન અડફેટે ૧૮ સિંહોના મોત નિપજ્યા બાદ રેલ્વે સેવકોને તૈનાત કર્યા છે. તંત્રએ હમણાં વનવિભાગના ટ્રેકરથી લઈ રેન્જ ફોરેસ્ટ ઓફિસર કક્ષાના અધિકારીઓ રેલવે ટ્રેક પર સિંહોના થતા અકસ્માત અટકાવવા એલર્ટ કર્યા છે. રેલવે ટ્રેક આસપાસ ૧૨ વોચ ટાવર ઉભા કરવામાં આવ્યા છે. ટ્રેક નજીક ૪૫ સેવકોને સિંહોની સુરક્ષા માટે એલર્ટ કરવામાં આવ્યા છે.

પશ્ચિમ રેલવે

વિવિધ કાર્યો

Dy. મુખ્ય વિદ્યુત ઈજનેર (બાંધકામ) પશ્ચિમ રેલવે ડીઆરએમ ઓફિસ, એનેક્સ બિલ્ડીંગ ઉજ્જા માળે દો-બત્તી રતલામ (એમ.પી.) ૪૫૭૦૦૧, ટેન્ડર સૂચના નંબર આમંત્રિત કરે છે:

EL/C/RTM/2024/03/T, તારીખ: ૦૫.૦૯.૨૦૨૪.

કામનું નામ: પશ્ચિમ રેલ્વેના રતલામ ડિવિઝનના દાહોદ-ઈન્દોર નવી લાઈન પ્રોજેક્ટના સંબંધમાં, તિહી પીથમપુર સેક્શન વચ્ચેની ટનલમાં વેન્ટિલેશન સિસ્ટમની ડિઝાઈન, સપ્લાય, ઈરેક્શન, ટેસ્ટિંગ અને કમિશનિંગ અને રોશનીનું કામ. આશરે મૂલ્ય: ₹૮,૦૪,૦૪,૭૫૬.૦૦/-. બિડ ડિપોઝિટ: ૫,૫૨,૦૦૦.૦૦/-. ઓનલાઈન

બિડિંગની શરૂઆતની તારીખ: ૧૨.૦૯.૨૦૨૪. ટેન્ડરની અંતિમ તારીખ: ૨૬.૦૯.૨૦૨૪ ના રોજ ૧૫:૦૦ વાગ્યે. વેબસાઈટની વિગતો અને નોટિસ બોર્ડ: કામના કલાકો દરમિયાન રૂબરૂમાં અથવા ઉપર જણાવેલ ઓફિસના સરનામે અને ટેલિફોન નંબર ૦૭૪૧૨ ૨૩૭૯૯૬; સંપર્ક ઈ-મેલ: **dyceecrtm@gmail.com.** વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ **www.ireps.gov.in** ની મુલાકાત લો

0517

અમને લાઈક કરો: facebook.com/WesternRly

લેક્ટોઝ (ઇન્ડિયા) લિમિટેડ

CIN: L15201GJ1991PLC015186

નોંધાયેલ ઓફિસ: સર્વે નંબર ૫,૬ ૫,૬ અને 7A, ગામ પોઇચા (રાણીયા), તાલુકા સાવલી, વડોદરા, ગુજરાત ૩૯૧૭૮૦.

કોર્પોરેટ ઓફિસ: જી-૨, એ વિંગ, નવભારત એસ્ટેટ, ઝકરિયા બંદર રોડ, સેવરી (5), મુંબઈ ૪૦૦૦૧૫. **સંપર્ક:** ૦૨૨-૨૪૧૧૭૦૩૦ **ફેક્સ:** ૦૨૨-૨૪૧૧૭૦૩૪ ઈમેઈલ: lil@lactoseindialimited.com, વેબસાઈટ : www.lactoseindialimited.com

કંપનીના શેરધારકોના ધ્યાન માટે નોટિસ વાર્ષિક સામાન્ય સભાની સૂચના

આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીની વાર્ષિક સામાન્ય સભા ("AGM") વીડિયો કોન્ફરન્સિંગ ("VC")/અન્ય ઓડિયો-વિઝ્યુઅલ મીન્સ ("OAVM) દ્વારા સોમવાર, ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ બપોરે ૧૨.૦૦ વાગ્યે યોજવામાં આવશે. IST માં કંપની અધિનિયમ, ૨૦૧૩ અને તેના હેઠળ બનાવેલ નિયમો અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("સેબી") (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્ક્લોઝર જરૂરીયાતો) રેગ્યુલેશન્સ, ૨૦૧૫, (સેબી લિસ્ટિંગ રેગ્યુલેશન્સ) અને એમસીએ પરિપત્ર ૦૫ ની તમામ લાગુ જોગવાઈઓનું પાલન મે, ૨૦૨૨ પરિપત્રો સાથે વાંચો ૦૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૩" એપ્રિલ, ૨૦૨૦, ૦૫મી મે, ૨૦૨૦, ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૦, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ અને ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧ (એજીએમની સૂચનામાં નિર્ધારિત વ્યવસાયનો વ્યવહાર કરવા માટે. એજીએમ માટેનું ડીમ્ડ સ્થળ કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ હશે.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે વાર્ષિક અહેવાલ સાથે એજીએમ બોલાવવાની નોટિસ ફક્ત ૦૬મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા એવા સભ્યોને મોકલવામાં આવી છે કે જેમનું ઈમેલ એડ્રેસ ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ ("ડીપી")/કંપની/રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર સાથે નોંધાયેલ છે. એજન્ટ એટલે કે Bigshare Services Private Limited ("RTA"). નોટિસ અને વાર્ષિક રિપોર્ટ કંપનીની વેબસાઈટ www.lactoseindialimited.com અને www.bseindia.com પર પણ ઉપલબ્ધ છે ઉપરાંત નોટિસ બિગશેર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ (રિમોટ ઈ-વોટિંગની સુવિધા પૂરી પાડતી એજન્સી અને)ની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે. છપ્ફ દરમિયાન ઈ-વોટિંગ) https://ivote.bigshareonline.com પર, નોટિસમાં ઉલ્લેખિત તમામ દસ્તાવેજો નોટિસ મોકલ્યાની તારીખથી સોમવાર, ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી ઈલેક્ટ્રોનિક રીતે નિરીક્ષણ માટે ઉપલબ્ધ છે. ને પત્ર લખવા વિનંતી છે lil@lactoseindialimited.com પર કંપની. કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૯૧ મુજબ કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ સાથે વાંચવામાં આવે છે, કંપનીના સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક મંગળવારથી બંધ રહેશે,

૨૪ સપ્ટેમ્બર ૨૦૨૪ થી સોમવાર, ૩૦" સપ્ટેમ્બર ૨૦૨૪ (બંને દિવસો સહિત) કંપનીની વાર્ષિક સામાન્ય સભાના હેતુ માટે. ડીમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો, સોમવારની કટ-ઓફ તારીખ મુજબ, ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૪ એજીએમ (રિમોટ ઈ-વોટિંગ) ના સ્થળ સિવાયના કોઈ સ્થળેથી બિગશેર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડની ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ દ્વારા એજીએમની સૂચનામાં નિર્ધારિત કરાયેલા વ્યવસાય પર ઈલેક્ટ્રોનિક રીતે તેમનો મત આપી શકે છે.

અધિનિયમની કલમ ૧૦૮, કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૨૦, સેબી રેગ્યુલેશન્સના સેકેટરીયલ સ્ટાન્ડર્ડ્સ અને રેગ્યુલેશન ૪૪ ની જોગવાઈઓના પાલનમાં, વેપારના સંદર્ભમાં ઈ-વોટિંગની સુવિધા એજીએમ કંપની દ્વારા લિંક ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આપવામાં આવી રહી છે. રિમોટ ઈ-વોટિંગ શુક્રવાર, ૨૭" સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ ૦૯.૦૦ વાગ્યે શરૂ થશે

a.m. (IST) અને રવિવાર, ૨૯" સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ સાંજે ૦૫.૦૦ (IST) પર સમાપ્ત થાય છે. રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલ ત્યાર બાદ અક્ષમ થઈ જશે. એકવાર ઠરાવ પર સભ્ય દ્વારા મત આપવામાં આવે, પછી સભ્યને તેમાં ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. જે સભ્યોએ છપ્ફ પહેલા રિમોટ ઈ-વોટિંગ દ્વારા તેમનો મત આપ્યો છે

VC/OAVM મારફત એજીએમમાં હાજરી/ભાગ લે છે પરંતુ ફરીથી તેમનો મત આપવા માટે હકદાર નથી. જે સભ્યો એજીએમમાં ફઝ્ર/છફર મારફત હાજર હોય અને કાસ્ટ કર્યા ન હોય

રિમોટ ઈ-વોટિંગ દ્વારા ઠરાવો પરનો તેમનો મત એજીએમ દરમિયાન ઈ-વોટિંગ દ્વારા મત આપવા માટે પાત્ર હશે. એજીએમ દરમિયાન ઈ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા અને સૂચનાઓ નોટિસમાં ઉલ્લેખિત છે. કોઈપણ વ્યક્તિ, જે કંપનીના શેર મેળવે છે અને તેનો સભ્ય બને છે

છપ્ફની નોટિસ મોકલ્યા પછી અને કટ-ઓફ તારીખે એટલે કે સોમવાર, ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ શેરો હોલ્ડ કર્યા પછી કંપની https://ivote.bigshareonline.com પર વિનંતી મોકલીને લોગિન ID અને પાસવર્ડ મેળવી શકે છે. જો કે, જો કોઈ વ્યક્તિ પહેલાથી જ રજીસ્ટર્ડ હોય તો વર્તમાન યુઝર આઈડી અને પાસવર્ડ

મતદાન માટે ઉપયોગ કરી શકાય છે. એજીએમ દરમિયાન રિમોટ ઈ-વોટિંગ અથવા ઈ-વોટિંગ દ્વારા મત આપવા માટેની વિગતવાર પ્રક્રિયા અને સૂચનાઓ, જેમાં સભ્યોનો ઈમેલ છે.

(DP/કંપની/RTA) સાથે નોંધાયેલ સરનામાં નોટિસમાં જણાવવામાં આવ્યા છે. આ જાહેરાત કંપનીની વેબસાઈટ www.lactoseindialimited.com પર અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ રહેશે. **www.bseindia.com**

લેક્ટોઝ (ઇન્ડિયા) લિમિટેડ માટે બોર્ડ
ઓફ ડિરેક્ટર્સના ઓર્ડર દ્વારા
રિતેશ પાંડે

તારીખ: ૦૭મી સપ્ટેમ્બર, ૨૦૨૪ **એસડી/-**
સ્થળ: મુંબઈ **કંપની સેક્રેટરી**

"ખાડા બુરો મદદ સદસ્યતા અભિયાન"ના બોર્ડ લગાવી ઠાલવી પીડા

રાજકોટની વગડ ચોકડી નજીક આક્રોષિત જનતાનો મંત્રી ભાનુબેનના વિસ્તારમાં અનોખો વિરોધ

● રાજકોટ, તા.૬

રાજકોટમાં વરસાદને કારણે રસ્તા પર ઠેર ઠેર પડેલા ખાડા અને ભૂવાથી શહેરીજનો ત્રાહિમામ છે. રોજ અકસ્માતનો ભોગ બની રહ્યા છે. બિસ્માર રસ્તાને કારણે વાહનચાલકોને ભારે સંભાળીને ચલાવવુ પડે છે. એક ખાડાથી બચવા જાય ત્યાં બીજો ખાડો મોં ફાડીને સ્વાગત કરતો હોય તેમ લોકો ખાડામાંથી વાહનો ચલાવવા મજબુર બન્યા છે. રાજકોટના હાર્ટ સમા નવા ડેવલપિંગ વિસ્તાર વગડ ચોકડી રોડની પણ આ જ દશા છે અને સમગ્ર રોડ જ ખાડાગ્રસ્ત બન્યો છે. અહીંથી નીકળવામાં લોકોના જીવ તાળવે ચોંટી જાય છે. અહીંથી વાહન લઈને નીકળવુ એટલે સામે ચાલીને અકસ્માતને નોતરવા જેવુ છે. આટલી હદે બિસ્માર રસ્તો હોવા છતા તંત્રના અધિકારીઓ ઓફિસોમાંથી બહાર નીકળીને જોવાની તસ્દી પણ નથી લઈ રહ્યા. વારંવારની રજૂઆત બાદ ત્રાહિમામ થયેલા આ વિસ્તારના સ્થાનિકોએ આજે આ બિસ્માર રસ્તા બાબતે અનોખી રીતે વિરોધ નોંધાવ્યો.

કેબિનેટ મંત્રી ભાનબેન બાબરિયાના મતવિસ્તારમાં આવતા આ વોર્ડમાં સ્થાનિકોએ રસ્તા પર બોર્ડ લગાવ્યા છે. લોકોએ "ખાડા બુરો મદદ સદસ્યતા અભિયાન"ના બોર્ડ લગાવી ભાજપના સદસ્યતા અભિયાનની પણ ઠેકડી ઉડાડી છે. સ્થાનિકોની ફરિયાદ છે કે આ વોર્ડના લોકોએ ભાજપને સૌથી વધુ મત આપી જીત અપાવી છે પરંતુ છતા હાલ ભાજપના સત્તાધિશો તેમનુ સાંભળવા તૈયાર નથી કે ના તો તેમનુ કોઈ કામ કરી રહ્યા છે.

ભાજપના સદસ્યતા અભિયાન સામે પણ સ્થાનિકોએ કટાક્ષ કર્યો કે એકતરફ જનતા હાલાકી વેઠી રહી છે અને ભાજપને તેની સદસ્યતા વધારવાની પડી છે. અહીંના મંત્રી, ધારાસભ્યો, સાંસદો કે કોર્પોરેટરો કોઈને જનતાની સમસ્યાની જાણે કંઈ પડી જ નથી. સત્તાધિશોની આ પ્રકારની નિષ્ક્રિયતા સામે લોકોમાં ભારોભાર આક્રોષ છે. હાલ તેઓ બોર્ડ લગાવીને તેમની હૈયાવરાળ ઠાલવી રહ્યા છે.સ્થાનિકોનું ત્યા સુધી કહેવુ છે કે જ્યારે ફરિયાદ કરીએ એટલે ૫૦૦ રૂપિયાનુ કપચીનું ટ્રેક્ટર મોકલી ઢગલો કરી જાય છે. આટલી હદે રસ્તા બિસ્માર બન્યા હોવા છતા કોઈ અધિકારીએ ઓફિસમાંથી બહાર નીકળી જોવાની પણ તસ્દી નથી લીધી કે કામગીરી થઈ કે નથી. આ માત્ર આ વર્ષની સમસ્યા નથી. દર વર્ષે આ જ હાલાકી સર્જાય છે. કરોડોનો ટેક્સ વસુલતા સત્તાધિશો જનતાને સુવિધા આપવામાં પાછીપાની કરી રહ્યા છે. તેમના ગેરવહીવટને લીધે જનતાના પૈસાનું આંધણ થઈ રહ્યુ છે. સ્થાનિકોની ફરિયાદ છે કે બહુ રાવ કરશુ તો માત્ર કપચીનું ટ્રેક્ટર નાખીને ફરિયાદ ક્લોઝ કરી દેશે. ૧૦ વર્ષથી આ વિસ્તારના લોકો આમ જ હાલાકી ભોગવી રહ્યા છે. પરંતુ તંત્રમાંથી કોઈ જોવા સુદ્ધા ડોકાતુ નથી. નેતાઓને પ્રજાની સમસ્યા દૂર કરવામાં કોઈ રસ નથી.

અહીં સ્કૂલે જતા બાળકો પણ અનેકવાર અકસ્માતનો ભોગ બને છે. દોઢ કિલોમીટરના રોડ પર ઠેર ઠેર ખાડા છે. વાહનોને પણ નુકસાન પહોંચી રહ્યુ છે. રોજ કોઈને કોઈ વ્યક્તિ અહીં અકસ્માતનો ભોગ બને છે. હાલ સ્થાનિકોએ "ખાડા બુરો મદદ સદસ્યતા અભિયાન" શરૂ કરી હવે તંત્ર કે સરકારના ભરોસે ન રહેવા અને જાતે આગળ આવી રસ્તો રિપેર કરવાનું નક્કી કર્યુ છે. હાલ રસ્તો બિસ્માર હોવાથી વાલીઓએ બાળકોને સ્કૂલે લેવા મુકવા જવુ પડે છે. આ અગાઉ અહીં વાહન લઈને સ્કૂલે જતી ત્રણ દીકરીઓ પડી જવાથી ઈજાગ્રસ્ત થઈ હતી. ૧૫, ૧૬ વર્ષના બાળકો અહીંથી સાયકલ લઈને નીકળી શકે તેમ જ નથી. આથી પારાવાર પરેશાની છેલ્લા ઘણા સમયથી સ્થાનિકો ભોગવી રહ્યા છે.

બનાસકાંઠાના છાપીમાં દોઢ કિલો સોનાની સનસનાટીભરી લૂંટ

● પાલનપુર, તા.૬

જૂનાગઢમાં થયેલી લૂંટમાં સમાચાર હજી ઓસર્યા નથી ત્યાં બનાસકાંઠાના છાપીમાં સનસનાટીભરી લૂંટની વાત સામે આવી છે. આંગડિયા કર્મચારીના દાગીનાભરેલા થેલાની લૂંટ થઈ છે. અજાણ્યા શખ્સો થેલો લૂંટીને ફરાર થઈ ગયા છે.આંગડિયા પેઢીના કર્મચારીને થેલો ઝૂંટવી લઈને લૂંટ ચલાવાઈ છે. છાપી નજીક લૂંટના સીસીટીવી પણ સામે આવ્યા છે. અમદાવાદથી રાજસ્થાન જતી બસમાં આ બનાવ બન્યો છે. બાઈક પર આવેલા લૂંટારુઓએ આ લૂંટ કરી છે. જિલ્લાની પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. લૂંટારીઓએ દોઢ કિલો સોનાના દાગીનાની લૂંટ ચલાવી હોવાનું અનુમાન છે.એસપી સહિતના અધિકારીઓ તપાસ હાથ ધરી છે. સીસીટીવીના આધારે લૂંટારુઓને ઝડપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પાલનપુર અમદાવાદ હાઈવે પર આ ઘટના બની છે. આંગડિયા કર્મચારી રાજસ્થાનની બસમાં જઈ રહ્યા હતા. તે દરમિયાન ભરકાવાડા હોટેલ નજીક ઘટના બની છે. સવારે નવ વાગે ઘટના બનતા એસપી, એસઓજી, છાપી પોલીસની એલસીબી સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો છે.પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. બસ ભરકાવાડા પાસે હોટેલ પર ચાનાસ્તા માટે ઊભી રહી હતી.આંગડિયા કર્મચારીપાસેથી સોનું ભરેલો થેલો લૂંટી બે લૂંટારુઓએ ફરાર થયો હતો. બાઈક પર આવેલા બે લૂંટારુઓએ આ લૂંટને અંજામ આપ્યો છે. સમગ્ર ઘટનાના સીસીટીવી સામે છે. આના પગલે છાપી પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.આ પહેલા આજે જૂનાગઢમાં પણ એક કરોડથી વધુ રૂપિયાની લૂંટ થઈ હતી. આશ્ચર્યની વાત તો એ છે કે આ લૂંટ પણ આંગડિયાને ત્યાં જ થઈ હતી અને તે પણ સોનાના દાગીનાની જ લૂંટ હતી. અમદાવાદની પેઢીનાં કર્મચારીઓને કેટલાક અજાણ્યા શખ્સોએ હથિયારોનાં જોરે લૂંટી લીધા

કચ્છમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવા કંડલા પોર્ટ ઓથોરિટીની કાર્યવાહી, ૧૫૦ એકર જમીન પર બૂલડોઝર ફેરવાયું

● ભુજ, તા.૬

ગુજરાત રાજ્યનું વ્યસ્ત રહેતું બંદર કંડલા પોર્ટના આસપાસના વિસ્તારોમાં ૫૦ વર્ષથી ગેરકાયદેસર દબાણો દૂર કરવા દીનદયાળ પોર્ટ ઓથોરિટી દ્વારા કામગીરી કરવામાં આવી હતી. જેમાં ૬૦૦ જેટલા કાચા અને પાકા મકાનો પર બૂલડોઝર ફેરવવામાં આવ્યું હતું. પરંતુ આ મકાનોમાં રહેતા ૫૦૦૦થી વધુ લોકોને છત શોધવાના દિવસો આવી ગયા છે.

કંડલા બંદરની વાત કરવામાં આવે તો અહીં ક્રિક વિસ્તારમાં વધતા જતા ઝૂંપડાઓ અને દબાણો દૂર કરવાનો યક્ષ પ્રશ્ન છે. આશરે ૪૦૦ કરોડથી વધુની કિંમત ધરાવતી ૧૫૦ એકર જમીન પર ગેરકાયદેસર કબ્જો જમાવી બેઠેલા ઝૂંપડપટ્ટીવાસીઓને કંડલા બંદરથી દૂ